# સાબરકાંઠા જિલ્લામાં આજથી ત્રિ-દિવસીય આત્મનિર્ભર ગ્રામ યાત્રાનો પ્રારંભ

**જિલ્લામાં તા. ૧૮ નવેમ્બરના રોજ આત્મનિર્ભર ગ્રામ યાત્રાને મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ખેડબ્રહ્મા ખાતેથી પ્રસ્થાન કરાવશે : સાબરકાંઠા જિલ્લા પંચાયતની ૩૬ સીટના ૩૦૦ ગામોમાં રથ પરીભમ્રણ કરશે : જિલ્લા કલેક્ટર હિતેષ કોયાની અધ્યક્ષતામાં ગ્રામ યાત્રાના કાર્યક્રમની સમીક્ષા બેઠક યોજાઇ : સાબરકાંઠા જિલ્લામાં આત્મનિર્ભર ગ્રામ યાત્રા અંતર્ગત રૂ. ૬૫૪૧ લાખથી વધુના વિવિધ કામોનું લોકાર્પણ-ખાતમુર્હૂત અને વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કરાશે**

હિંમતનગર, તા. ૧૭

સમગ્ર રાજયમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આજે તા.૧૮ નવેમ્બરથી ત્રિદિવસીય આત્મનિર્ભર ગ્રામ યાત્રાનો આરંભ થનાર છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં યોજાનાર ત્રિદિવસીય આત્મનિર્ભર ગ્રામ યાત્રાના સુચારું આયોજન અને થયેલી કામગીરી સમીક્ષા બેઠક જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી. આ ત્રિદિવસીય યાત્રા દરમ્યાન જિલ્લામાં રૂ. ૬૫૪૧ લાખથી વધુ પ્રજાલક્ષી કાર્યોનું લોકાર્પણ- ખાતમુર્હૂત અને વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવશે.

આ બેઠકમાં કલેકટર શ્રી હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા ૧૨ જુદા જુદા વિભાગોને સાંકળીને વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ, ખાતમુહૂર્ત અને અન્ય વિભાગના લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કરવા માટે તા. ૧૮ થી ૨૦ નવેમ્બર, ૨૦૨૧ દરમ્યાન ત્રિદિવસીય આત્મનિર્ભર ગ્રામ યાત્રા યોજાનાર છે.

જેમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતની ૩૬ બેઠકમાં ૩ રથ પરીભ્રમણ કરશે જેમાં રથ- ૧માં ૧૦૮ ગામ, રથ-૨માં ૯૬ જયારે રથ-૩માં ૯૬ ગામ મળી કુલ ૩૦૦ ગામોને આવરી લેવામાં આવશે. સાબરકાંઠા જિલ્લામાં આત્મનિર્ભર ગ્રામ યાત્રાના રથને અન્ન નાગરીક અને ગ્રાહક સુરક્ષા રાજ્ય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર ખેડબ્રહ્માની આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ ખાતેથી પ્રસ્થાન કરાવશે. જિલ્લા કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આઝાદીના



અમૃત મહોત્સવ અંતર્ગત યોજાનાર આત્મનિર્ભર ગ્રામ યાત્રાના આરંભ પ્રસંગે સવારના ૮ થી ૮.૩૦ કલાક દરમ્યાન ગ્રામજનો, શિક્ષકો, આંગણવાડી કાર્યકર, આશા બહેનો, સખી મંડળ, યુવક મંડળ, અને પાણી સમિતિ દ્વારા સ્વચ્છતા અંગે જન જાગૃતિ રેલી યોજાશે. તેમજ સવારના ૮.૩૦ થી ૯.૧૫ કલાક દરમ્યાન શાળાઓ, પંચાયત ઘર, આંગણવાડી, પોસ્ટ ઓફિસ, બેંક, દૂધ મંડળી, પશુ દવાખાના, સબ સેન્ટર, વેલનેસ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સફાઈ કરવામાં આવશે. ત્યારબાદ મહાનુભાવોની ઉપસ્થિતમાં સવારના ૯.૩૦ કલાકથી સ્ટેજ કાર્યક્રમનો આરંભ થશે. આ કાર્યક્રમ દરમ્યાન ખેડા ખાતેથી આ યાત્રાનો આરંભ કરાવનાર રાજયના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સ્પીચનું પ્રસારણ કરવામાં આવશે. રથ પ્રસ્થાન અને વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સાધન- સહાયનું વિતરણ કરવામાં આવશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી આર.એમ.ડામોરે જણાવ્યું હતું કે, આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત સાબરકાંઠા જિલ્લા પંચાયતની ૩૬ બેઠકમાં યોજાનાર ત્રિ- દિવસીય આત્મનિર્ભર ગ્રામ યાત્રા દરમ્યાન રૂપિયા રૂ. ૧૯૮૬.૦૨ લાખના ૭૨૭ વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ તેમજ રૂ. ૪૧૯૦.૬૭ લાખના ૫૯૦ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે જયારે ૧૦૦૩ લાભાર્થીઓને રૂ. ૩૬૪.૩૮ લાખથી વધુ રકમની વિવિધ યોજનાકીય સાધન- સહાયનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત શેરી નાટક, પશુ સારવાર કેમ્પ અન્ય વિવિધ કાર્યક્રમ યોજાશે. યાત્રા દરમિયાન સરકારની ફલેગશીપ યોજના અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ખરાડી સહિત તાલુકા વિકાસ અધિકારી અને અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



કિસન સુથાર
બાયડ



ગૌતમ ભાઈ પટેલ
પુંસરી તા.તલોદ



ચિરાગ શાહ
બાયડ

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**રક્તદાન મહાદાન**

**પ્લોગીંગ રનથી શામળાજી થયું સ્વચ્છ : માહિતીસભર કાર્યક્રમોથી લોકોને જાણકારી**

# શામળાજીમાં પ્લોગીંગ રન તેમજ વિવિધ માહિતીસભર કાર્યક્રમો સાથે લોકસંપર્ક કાર્યક્રમ

બાયડ તા.૧૭

કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના ફિલ્ડ આઉટરીચ બ્યુરો,પાલનપુર દ્વારા શામળાજી ખાતે તારીખ ૧૫ નવેમ્બરથી પાંચ દિવસીય લોકસંપર્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત કેન્દ્ર સરકારની યોજનાઓને લગતી જાણકારી આપવાની સાથે વિવિધ અભિયાનોમાં જનજાગરૂતતા લાવવાના આશયથી વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. ફિટ ઈન્ડિયાના સુત્રને સાર્થક કરવા અને શરીરની સ્વસ્થતા જાળવવા સવારમાં ચાલવું કે સામાન્ય દોડ કરવી આવશ્યક છે પરંતુ તેની સાથે જો આ ચાલવા કે દોડવાના રસ્તામાં આજુબાજુ નકામો કચરો કે ખાસ કરીને પ્લાસ્ટિકનો કચરો દેખાય તો તેને ઉપાડી લઈને ભેગો કરતાં જવું અને કચરાપેટીમાં નાખવો અને એ રીતે પર્યાવરણની તંદુરસ્તીને પણ જાળવવી એનું નામ જ પ્લોગીંગ રન. આવી જ પ્લોગીંગ રનનું આયોજન શામળાજી ખાતે લોકસંપર્ક કાર્યક્રમ અંતર્ગત કરાયું. સ્વચ્છ ભારત સ્વસ્થ ભારતના સુત્રને સાર્થક કરવા તેમજ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની દેશવાસીઓને સ્વચ્છતા સંદર્ભે જાગૃત થવા સાથે સ્વચ્છ ભારત અભિયાનમાં સહયોગ આપવાની અપીલને ધ્યાને લઈ શામળાજી મેળા ખાતે આયોજીત લોકસંપર્ક કાર્યક્રમ હેઠળ પ્લોગીંગ રનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ક્ષેત્રિય લોકસંપર્ક કાર્યાલયના કર્મચારીઓની સાથે શામળાજીના એનએસએસ તેમજ એનસીસીના કેડેટ્સ અને જાગૃત નાગરિકો જોડાયા. શામળાજીની મુખ્ય બજારથી લઈને હાઈવે રોડ, નદી અને તેની આસપાસના વિસ્તાર સુધી આ પ્લોગીંગ રન યોજાઈ અને આ વિસ્તારોમાંથી પ્લાસ્ટીકના કચરાને એકત્રીત કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો.

આઝાદીના અમૃત મહોત્સવ શિર્ષક હેઠળ આયોજીત લોકસંપર્ક કાર્યક્રમમાં સ્વચ્છ ભારત અભિયાન અંગે જાગરૂતતા ફેલાવવા પ્રદર્શનના આયોજન સાથે વક્તવ્યના માધ્યમથી પણ સ્વચ્છતા સંદેશ અપાઈ રહ્યો છે. કાર્યક્રમ દરમિયાન લોકોને સીંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા માટે અપીલ કરવામા આવી અને પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ બંધ કરી કાપડની થેલી વાપરવા અનુરોધ કરવાની સાથે કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું. પોષણ અભિયાન અંગે સંકલીત બાળવિકાસ કેન્દ્ર દ્વારા જાણકારી આપવાની સાથે પોષ્ટિક વાનગી નિદર્શન સાથે સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું. જેમાં વિજેતાને ઈનામ આપી પ્રોત્સાહન પુરું પાડવામા આવ્યું. માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિકારી જે.ડી.ચૌધરી તેમજ દેવેન્દ્ર ત્રિવેદી દ્વારા કેન્દ્ર સરકારની જનકલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી અને માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનો શામળાજી ગામના લોકો તેમજ મેળામાં મોટી સંખ્યામાં આવી રહેલા યાત્રાળુઓ લાભ રહ્યાં છે. જેનાથી કાર્યક્રમનો હેતુ સાર્થક થતો જણાઈ રહ્યો છે.

# સાબરકાંઠા જિલ્લામાં આગામી તા. ૧૬ અને ૧૭ ડિસેમ્બરે ઈડરીયા ગઢ ખાતે આરોહણ-અવરોહણ જુનિયર સ્પર્ધા

બાયડ તા.૧૭

યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ અંતર્ગત જિલ્લા રમત ગમત કચેરી, સાબરકાંઠા દ્વારા ઐતિહાસિક પર્વત ઈડર ખાતે આગામી તા. ૧૬ અને ૧૭ ડિસેમ્બરના રોજ જુનિયર ભાઈઓ બહેનો ૧૪ થી ૧૮ વય જૂથના રાજયભરના યુવાનો માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંગે મંગળવારના રોજ જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં પ્રાંત અધિકારી શ્રી ઈડર, વન સંરક્ષણ અધિકારી, જિલ્લા રમત ગમત અધિકારી, ચીફ ઓફિસર ઈડર અને અન્ય અમલીકરણ અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહી સુચારૂ આયોજન અગે ચર્ચા કરાઈ હતી.

**જિલ્લા કલેકટરશ્રી હિતેષ કોયાની અધ્યક્ષતામાં સ્પર્ધાના આયોજન અંગે બેઠક યોજાઇ: વિવિધ સમિતિઓની રચના કરાઇ : એક થી દશ ક્રમે પસંદગી પામેલા સ્પર્ધકોને રાષ્ટ્રીયકક્ષાની ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં મોકલાશે**

બેઠકમાં વ્યાયમ શિક્ષકો, ઈન્સ્ટ્રકટર, ટ્રેનર તેમન રમત ગમત ક્ષેત્રે ઉતાસહી શિક્ષકોની સેવા તથા વિવિધ સમિતિઓ જેવીકે રહેવા-જમવા, ઈડરીયા ગઢ સાફ-સફાઈ, રમત ગમત અધિકારી દ્વારા ચેસ્ટ નંબર આપવાની કામગીરી, વિજેતા નક્કી કરવા, ઈનામ વિતરણ, કાર્યક્રમમાં મહાનુભવોના હસ્તે ફેલગ ઓફ આપ્વાની, નિમત્રણ કાર્ડ, ફોમ વિતરણ, જિલ્લા માહિતી અધિકારીના સંપર્કમાં રહી પ્રચાર-પ્રસાર તથા તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા સ્પર્ધકનું તબીબી પરીક્ષણ કરી પ્રમાણપત્ર આપવા, એમ્બયુલન્સ, તેમજ વન્ય પ્રણીઓના નિરીક્ષણ અને તકેદારીની કામગીરી કરવી સહિતની બાબતોની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, ફોટોગ્રાફી, લાઈટીંગ, સ્થાનિક કક્ષાએ જાહેરનામું તેમજ રેપીડ ટેસ્ટ કરવાની તમામ સુવિધાઓ પુરી પાડવા અંગે ચર્ચા કરાઈ હતી.

સ્પર્ધા રાજકોટ, સુરેન્દ્રનગર, સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લા ખાતે યોજાશે. એક સ્પર્ધામાં ભાગ લીધો હશે તેવા સ્પર્ધકો બીજા જિલ્લામાં ભાગ લઈ શકશે નહિ, એક થી દશ ક્રમ મેળવનાર સ્પર્ધકને ગીરનાર ખાતે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં મોકલવમાં આવશે. ભાગ લેવા ઈચ્છુક યુવક-યુવતીઓએ પોતાના જિલ્લાની રમત ગમત કચેરી ખાતેથી અરજી ફોર્મ મેળવી, સંપૂર્ણ વિગતો ભરીને આધાર પુરાવા સાથે જે જિલ્લામાં ભાગ લેવા ઈચ્છતા હોય તે જિલ્લાના યુવા વિકાસ અધિકારીને મોકલી આપવાની રહેશે. ભાગ લેનાર તમામ સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે તેમજ વિજેતા ખેલાડીઓને મહાનુભવોના હસ્તે રોકડ ઈનામ વિતરણ કરવામાં આવશે ઉલ્લેખનીય છેકે વર્ષ ૨૦૧૯-૨૦માં ઈડરીયા ગઢ ખાતે યોજાયેલ સ્પર્ધામાં ૪૩૧ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

# સહકાર ભારતી સંગઠનના ઉપક્રમે બેઠક યોજાઈ




બાયડ તા.૧૭

હિંમતનગર ખાતે સહકાર ભારતી ગુજરાત પ્રદેશ દ્વારા સંગઠનના ઉપક્રમે પ્રથમ સ્કેવર ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં આર.એસ.એસ.ના પ્રચારક અને સહકાર ભારતી સંગઠનના મંત્રી જીવનભાઈ ગોલે, પ્રદેશ ઉપાધ્યક્ષ અને સાબરકાંઠા બેક્નના ચેરમેન મહેશભાઈ પટેલ, સેવા પ્રકોસ્ઠ પ્રમુખ હીરાભાઈ પટેલ તથા સાબરકાંઠા-અરવલ્લી ના સહકાર ભારતીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જીવણભાઈ ગોલે અને મહેશભાઈ પટેલે સહકારી ભાવનાથી નાની વ્યક્તિઓને આર્થીક વિકાસ થાય તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# પ્રાંતિજના કમાલપુર ખાતે અજાણ્યા વાહનની ટક્કરથી બાઈક સવારનું ઘટના સ્થળે મોત

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના કમાલપુર પાસે અજાણ્યા વાહન ની ટક્કર થી અમદાવાદ ના બાઈક સવાર નુ ધટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજયુ હતુ તો અજાણ્યો વાહન ચાલક અકસ્માત



માત્ર સર્જીને બાઈક સવારનુ મોત નિપજાવી ધટના સ્થળે થી ભાગી ગયો હતો.

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર હમરા જાણે યમરાજા એ જાણે ધામા નાંખ્યા હોય તેમ છેલ્લા દશ દિવસ મા એક ડઝન થી પણ વધારે અકસ્માતો ની ધટના સામે આવી છે જેમા જુદાજુદા અકસ્માતોમા કુલ -ચાર જેટલા લોકોએ જીવ ગુમાવ્યો છે ત્યારે પ્રાંતિજ ના કમાલપુર ખાતે ૧૬મી નવેમ્બર ના રાત્રી ના અમદાવાદ નો યુવાન દિપકભાઈ બનસીભાઈ વાધેલા ઉ.વર્ષ-૩૫ રહે.મણીનગર , ઈશ્વર નગર સોસાયટી , પ્લોટનંબર ૨૦૪ ભાગ્ય લક્ષ્મી કરીયાણા ની બાજુ મા કે પોતાનુ બાઈક GJ01LD8964 લઈ ને રાત્રી ના સમયે અમદાવાદ થી રાજસ્થાન તરફ જઈ રહ્યો હતો તે દરમ્યાન પ્રાંતિજ ના કમાલપુર પાસે કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી શરીરે જીવલેણ ઈજાઓ પોહચાડી ધટના સ્થળે બાઈક સવારનુ મોત નિપજાવી પોતાનુ વાહન લઈ ને ત્યાંથી ભાગી ગયો હતો તો પ્રાંતિજ પોલીસે અકસ્માત અંગેની જાણ થતા ધટના સ્થળે દોડીજઈ હતી તો મૃતક ને પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે ખસેડવામા આવ્યો હતો અને તેના પિતાની ફરિયાદ ને લઈ ને પ્રાંતિજ પોલીસે ભાગેલ અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનોનોંધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

# હિંમતનગરની એન.જી. કંપનીને ઈન્ડો ફોર્મ ટ્રેક્ટરની ડિસ્ટ્રીબ્યુટર શીપ

**સાબરકાંઠા, અરવલ્લી, અને ગાંધીનગર જિલ્લા ત્રણ જિલ્લાના લોકોને લાભ થશે**

બાયડ તા.૧૭

ભારતનું અગ્રણી ઈન્ડો ફાર્મ ટ્રેક્ટર જે હિમાચલ પ્રદેશમાં ઉત્પાદન ધરાવે છે જે જેની ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કંપની દ્વારા ડિસ્ટ્રિબ્યુટર્સ શીપ આપવામાં આવેલ છે જેમાં હિંમતનગરની એન.જી. કંપની (એન. જી. પ્રોજેક્ટ)એ પણ ત્રણ જિલ્લાની ડિસ્ટ્રીબ્યુટર શીપ મેળવેલ છે જેમાં સાબરકાંઠા, અરવલ્લી અને ગાંધીનગર જિલ્લાનો સમાવેશ થાય છે હિંમતનગર શહેરના મહેતાપુરા એન.જી. સર્કલ પાસે જ તેનો શો રૂમ ખુલ્લો મુકાયો છે આ ઈન્ડો ફાર્મ ટ્રેક્ટર ની વિશેષતા એ છે કે ઇંધણની બચત ક્ષમતા અન્ય ટ્રેક્ટરો કરતા સારી છે તેમજ ટ્રેક્ટર રેજ ૨૦થી ૧૧૦ હો.પા. ધરાવે છે, ઉપરાંત શક્તિશાળી એન્જિન, પાવર સ્ટેરીંગ, મોટા સાઈઝ ના ટાયર (સાઈઝ ૧૪.૯૮૨૮ ), એકસાઈડ બેટરી, ૧૪૦૦ ક્ષમતા વાળી લિફ્ટ,




ઓઈલ બાથ વાડી બ્રેક સિસ્ટમ, ડ્રાય એર ક્લીનર, ડબલ ક્લચ, રિવર્સ પી.ટી.ઓ. સહિત અનેક વિશેષતાઓ ઉપલબ્ધ છે હિંમતનગર સ્થિત ડિસ્ટ્રિબ્યુટર્સ નું નામ NG Automotive તરીકે નામ આપવામાં આવેલ છે ટ્રેક્ટર નો કલર તેમજ તેની બોડી પણ આકર્ષક છે ટ્રેક્ટર ફરતું તેમજ ઊભું દેખાય તો પણ તેનું આકર્ષક અલગ પ્રકારનું જોવા મળશે તેને આ વિશેષ આકર્ષક ખાસિયત છે ખેડૂત વર્ગમાં પણ તેની પ્રથમ પસંદગી છે.

# ભૂસ્તર વિભાગે ડીસાના કસારી નજીકથી ચાર ડંફર ઝડપી પાડયા

**૧ કરોડ મુદામાલ કબજે કરી ૧૦ લાખનો દંડ ફટકાર્યો**

ડીસા, તા. ૧૭


બનાસકાંઠા ના ડીસા માં મોટા પ્રમાણમાં રેતી ની રોયલ્ટી ચોરી થતી હોવાની ફરિયાદ વ્યાપક પ્રમાણ માં ઉઠવા પામી છે




જેમાં બનાસ નદીની કિંમતી કહી શકાય તેવી રેતી ની અન્ય રાજ્યો માં પણ મોટા પ્રમાણમાં માગ ઉઠવા પામી છે અને ભૂસ્તર વિભાગ દ્વારા આ રોયલ્ટી ચોરી અટકવવા માટે સઘન ચેકીંગ પણ હાથ ધરવામાં આવી રહ્યું છે ત્યારે ત્યારે બુધવારે વહેલી સવારે ભૂસ્તર શાસ્ત્રી ના માર્ગદર્શન હેઠળ ભૂસ્તર વિભાગની ટીમ દ્વારા ખાનગી વાહન બેસી તપાસ હાથ ધરવામાં આવી હતી જે દરમિયાન ડીસા ના કંસારી નજીક થી રેતી ની રોયલ્ટી ભર્યા વિના પસાર થતા ચાર ડમ્પર ઝડપી પાડ્યા હતા ભૂસ્તર વિભાગની ટિમ દ્વારા તપાસ કરતા આ તમામ ડમફરો માં રોયલ્ટી ભરીના હતી ભૂસ્તર વિભાગે દ્વારા એક કરોડનો મુદ્દામાલ કબ્જે કરી રૂ.૧૦ લાખનો દંડ ફટકાર્યો હતો જોકે વહેલી સવારે ભૂસ્તર વિભાગ ની કાર્યવાહી થી ભૂમાફિયાઓ માં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો

# ડીસાના માજિશા મંદિર ખાતે પાટોત્સવ ઉજવાયો

**આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા અને યજ્ઞ તેમજ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો**





ડીસા, તા. ૧૭

ડીસાના રિજમેટ ખાતે આવેલા અતિ પ્રાચીન અને ચમત્કારીક એવા માજિશા મંદિર ખાતે ૨૦ માં પાટોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આ પાટોત્સવ નિમિતે વિવિધ કાર્યક્રમ પણ યોજાયા હતા. જેમાં કારતક સુદ ૧૨ ને મંગળવારે રાત્રિ જાગરણ અને બીજા દિવસે યજ્ઞ અને ભોજન પ્રસાદનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહ્યા હતા અને યજ્ઞ તેમજ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.